**અનુસૂચિત જાતિ/ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ / આર્થિક પછાત વર્ગના વ્યક્તિઓ માટેની સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની માનવગરિમા યોજનાના અમલીકરણ બાબત..**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રઃ અજક-૧૦૨૦૧૧-૨૮૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૮-૨૦૧૧.
13 SEP 2011

**વંચાણે લીધાઃ**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૬-૨-૨૦૦૪ ના પત્ર ક્રઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૫-૫૮૩-ગ.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૮-૧૨-૨૦૦૪ના પત્ર ક્રઃ સશપ-૧૪૯૯-ન.બા.૯-૧૩૮૨-(૦૪)-અ.
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિનો તા.૧૮-૩-૨૦૧૧ નો પત્ર ક્રઃ અજાક-મ-૫-૨૦૧૧-૧૬૨૬-૨૭.
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિનો તા.૧૭-૩-૨૦૧૧ નો પત્ર ક્રઃ વિજાક-જન-મા.ગ-૧૦-૧૧-૪૬૦
(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૪-૩-૨૦૦૫ નો ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૧૦૯૨-ગ
(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭-૭-૨૦૦૭ નો ઠરાવ ક્રઃ સસપ-૧૪૦૭-૯૫૧-ગ

**ઠ રા વઃ-**

આમુખમાં દર્શાવેલ વંચાણે લીધેલ ક્રમ:૧ ના ઠરાવ મુજબ અનુસૂચિત જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની માનવ ગરિમા યોજનાનો અમલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને સોંપવાનું ઠરાવવામાં આવેલ હતું, તથા આમુખમાં દર્શાવેલ વંચાણે લીધેલ ક્રમઃ ૨ મુજબ વિકસતી જાતિ / આર્થિક રીતે પછાત વર્ગો / વિચરતી અને વિમુક્ત જાતિ તથા લઘુમતી જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની માનવગરિમા યોજનાનો અમલ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ મારફત કરવાનું ઠરાવવામાં આવેલ હતું. પરંતુ ઉપરોક્ત બન્ને નિગમોમાં જીલ્લા

→

કક્ષાએ વહીવટી મહેકમ ન હોવાના કારણે યોજનાના અમલમાં કેટલીક મુશ્કેલીઓ જણાતાં ઉપરોકત આમુખમાં દર્શાવેલ વંચાણે લીધેલ ક્રમ-૩ તથા ૪ થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ તેમાં ફેરફાર કરવા અને આ યોજના નિયામકશ્રીઓ હસ્તક મુકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વર્ગના વ્યકિતઓ માટેની સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની માનવગરીમા યોજનાના અમલીકરણ માટે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાને સોંપવાનું તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / આર્થિક પછાત વર્ગ / વિચરતી અને વિમુકત જાતિ તથા લઘુમતિ વર્ગના વ્યકિતઓ માટેની સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની માનવગરીમા યોજનાના અમલીકરણ માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાને સોંપવાનું ઠરાવવામાં આવે છે. યોજનાની શરતો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

(૧) આ યોજના હેઠળ અનુસૂચિત જાતિઓના વ્યકિતઓ માટે રૂ.૪૦૦૦/- ની મર્યાદામાં તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિ તથા લઘુમતિ જાતિના વ્યકતિઓને રૂ.૩૦૦૦/- ની મર્યાદામાં ટુલ કીટ્સ / સાધનો આપવાના રહેશે.

(૨) આ યોજનાના અમલ માટે ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૧૦૨૦૧૦-૭૭૨૫૦૬- અ, તા.૧-૧-૨૦૧૧ થી સ્વરોજગાર માટે ધંધા / વ્યવસાય નકકી કરવામાં આવેલ છે તેજ વ્યવસાય / ધંધા મુજબ જિલ્લા કચેરી ધ્વારા અરજીઓ મેળવવાની રહેશે. આ યોજના અંગે ઉધોગ અને ખાણ વિભાગ ધ્વારા વખતો વખત ધંધા/વ્યવસાયની યાદી જાહેર થાય તે આપોઆપ આ યોજનાના ધંધા/વ્યવસાય ને પણ લાગુ પાડવાની રહેશે.

(૩) આ યોજના હેઠળ આ વિભાગના તા. ૪/૪/૨૦૧૧ ના ઠરાવ ક્ર. અજક/૧૦૨૦૧૧/૧૧૯/ગ તથા તા. ૨૦/૪/૨૦૧૧ ના ઠરાવો મુજબ અનુસૂચિત જાતિ ના લાભાર્થિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક રીતે પછાત તથા લઘુમતી જાતિઓ માટે આ યોજના હેઠળ લાભ મેળવવા માટે વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૨૫,૦૦૦/- ની રહેશે, આ વિભાગના તા. ૨૭/૭/૨૦૦૭ ના ઠરાવ ના પારા-૨ મુજબ SEBC જાતિઓ પૈકી વિચરતી અને વિમુક્ત જાતિઓ (Nomadic તથા Denotified caste) તેમજ અતિ પછાત જાતિઓ માટે તેમજ તા.૧૪/૩/૨૦૦૫ ના ઠરાવના પારા-૨ મુજબ અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિઓ માટે કોઇ આવક મર્યાદા લાગુ પડશે નહીં.

(૪) હાલમાં આ યોજનાની અરજીઓ મંજુર કરવા માટે જીલ્લા કક્ષાએ સમિતિ અમલમાં છે, તે જિલ્લા કક્ષાની લાભાર્થીઓ માટેની સમિતિ રદ કરવા જણાવવામાં આવે છે. અને સરકારના આ યોજનાના વખતો વખતના ઠરાવ / પરિપત્રો મુજબ આ

યોજનાનો અનુસુચિત જાતિ કલ્યાણ માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની કામગીરી જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીએ અને વિકસતિ જાતિ કલ્યાણ માટે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) એ સરકારના આ યોજનાના વખતો વખતના ઠરાવ / પરિપત્રો મુજબ અમલ કરવાનો રહેશે.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ નક્કી કરે તે મૂજબ જે તે નાણાકિય વર્ષ શરૂ થતાં પહેલાં જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે તે વર્ષનો મે-માસ પૂર્ણ થાય તે પહેલાં લક્ષ્યાંક મુજબની અરજીઓ ધંધા/વ્યવસાયો મુજબ નક્કી કરી લેવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ વર્ષ ૨૦૧૨-૧૩ એટલે તા. ૧-૪-૨૦૧૨ પછી તે વર્ષમાં આ યોજનામાં ટુલ્સ કીટસ / સાધન સહાય આપવાના થાય તે તારીખથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા વિકસતી જાતિ કલ્યાણે અમલ કરવાનો રહેશે.

(૭) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર.ભુરીયા)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી,રા.ક.(સા.શૈ.પ.વર્ગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય અમદાવાદ/ રાજકોટ
- રેસીડેન્ટન્ટ ઓડિટ ઓફિસર / ગાંધીનગર
- તમામ નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)
- તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), જિલ્લા પંચાયત,
- વિભાગની અ, અ.૧ શાખાઓ
- સિલેકટ ફાઇલ.